**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

# જોરીયા ભગત ચળવળ-૧૮૬૮

**શૈલેષ રાણાભાઈ લાવડીયા**

શ્રી દોશી આર્ટ્સ & કોમર્સ કોલેજ, વાંકાનેર

નાયકડા ગુજરાતના પંચમહાલ જિલ્લામાં વસવાટ કરતી એક આદિવાસી જાતિ છે. જે તેમની સ્વચ્છંદી સ્વભાવ, ઉદામવાદી માનસ અને કાયદાવિહિન જીવનશૈલી માટે જાણીતી હતી. નાયકડાઓએ ૧૯મી સદીમાં તાત્કાલીન બ્રિટીશ સરકાર અને ગાયકવાડર સરકાર સામે ઈ.સ.૧૮૨૬માં બળવાખોર પ્રવૃતિની શરૂઆત કરી જેને ૧૮૩૮ અને ૧૮૫૮માં ભયંકર બળવાનું સ્વરૂપ ધારણ કર્યું. ૧૮૫૮માં નાયકડાઓનો બળવો ૧૮૫૭ના વિપ્લવના સમકક્ષ ચાલુ આ બળવાનું નેતૃત્વ નાયકડા સરદાર રૂપસિંહ નાયકે કર્યું હતું. પરંતુ ૧૮૬૮માં જોરીયા ભગતે નાયકડાઓમાં ધાર્મિક અને નૈતિક આંદોલન દ્વારા પરિવર્તન લાવવા માટે પ્રયત્નો કર્યા. જે આંદોલન પાછળથી રાજકીય પ્રવૃતિમાં ફેરવાઈ ગયુ. જેમાં જોરીયા ભગતને રૂપસિંહ નાયકનો સાથ સહકાર પ્રાપ્ત થયો હતો.

### જોરિયા ભગત ચળવળની પૂર્વભૂમિકા

૧૮૧૮માં ગુજરાતમાં બ્રિટીશરોની સતાની સ્થાપના થઈ. બ્રિટીશરોએ રાજકીય ફેરફાર લાવવા માટે પ્રયત્નો કર્યા. જેથી તેઓ રજવાડા સાથે સંઘર્ષમાં આવ્યા જેની અસર નાયકાઓ પર પણ પડી ૧૮૨૬માં નાયકાઓએ રાજકીય ફેરફાર લાવવા માટે પ્રયત્નો શરૂ કર્યા જે પ્રયાસો તે સમયના દેશી રજવાડાઓ અને બ્રિટીશ શાસન સામે હતા. ૧૮૩૮ના તોફાનો કરવામાં બહારવટિયાની બે મુખ્ય ટોળીઓ હતી જેમાં પ્રથમ ટોળીમાં બારીયાનો કેવળ નાયક અને તેનો ભાઈ જાલમ રૂપા નાયક અને તેનો કારભારી ઓકારસિંહ મુખ્ય હતા. જ્યારે બીજી ટોળીમાં વીરમ નાયક તેનો ભાઈ મહાદેવ નાયક અને અમરા નાયક મુખ્ય હતા. તેઓએ રાજગઢ વિસ્તારમાં જમીન વેરાન અને વસ્તી વિહીન કરી મૂકી[1] નાયકડાઓની બળવાખોર પ્રવૃતિ બાદ બ્રિટીશ સરકારે કાયદો અને વ્યવસ્થા સ્થાપવા માટે ૧૮૩૯માં નાયકડાના પ્રદેશ ઉપર આસિસ્ટન્ટ કમિશ્નરની નિમણુંક કરી ૧૮૪૨માં રેવા કાંઠા માટે ખાસ પોલિટિકસ એજન્ટની નિમણુંક કરી અને મહીકાંઠામાં કોર્ટની સ્થાપના

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

કરવામાં આવી.[2] આમ છતાં નાયકડાઓમાં બ્રિટીશ સરકાર સામે ભારોભાર અસંતોષ પ્રવર્તતો હતો. કારણ કે તે નાયકડાઓના શોષકોનું સમર્થન કરતા હતા. નાયકડાઓના અસંતોષની ચિનગારીને આગમાં ફેરવવાનું કામ ગાયકવાડના સાળા ભાઉસાહેબ પવારે કર્યું. એના પરિણામ રૂપ ૧૮૫૮માં સંખેડાના નાયકડા સરદાર રૂપા નાયક અને કેવળ નાયકે બંડ પોકાર્યું. જે ૧૮૫૮ના બળવાને સમાંતર ચાલ્યું. ૧૮૫૯માં કેવળ નાયક અને રૂફા નાયકે શરણાગતિથી નાયકડાઓના બળવાનો તત્કાલીન અંત આવ્યો.[3]

ઈ.સ.૧૮૬૮ની શરૂઆતમાં જાંબુઘોડા રાજ્યના વેડક ગામના નાયક સરદાર જોરીયા નાયકે ધાર્મિક અને નૈતિક ઉત્કર્ષ માટે પ્રયત્નો કર્યા હતા. જેને અંતે રાજકીય રંગ ધારણ કર્યો, જોરીયા નાયક આજે લોકમાનસમાં જોરિયા પરમેશ્વર અને જોરિયા ભગતના નામે ઓળખાય છે

**જોરિયા ભગતનો પરિચય**

જાંબુઘોડાથી દોઢ માઈલ દૂર આવેલા વેડક ગામના જોરીયાએ ઈ.સ.૧૮૬૭ના અંતમાં ભગત માણસ તરીકેની પ્રવૃતિ શરૂ કરી તે પોતાને પરમેશ્વર કે સર્વોચ્ચ શક્તિના રૂપમાં પોતાની જાતને ઓળખાવવા લાગ્યો.

જોરીયા કાલિયા નાયક જાંબુઘોડાથી દોઢ માઈલના અંતરે આવેલા વેડક ગામની વતની હતો. તેનું શરૂઆતનું જીવન એક ખેડૂત તરીકેનું હતું. તેને બીજા ત્રણ ભાઈઓ પણ હતા. ઈ.સ. ૧૮૬૭ના નવેમ્બર મહિનાથી તેણે પ્રેરણાદાયી શક્તિ તરીકે જીવન જીવવાની શરૂ કર્યું. જોરીયા નામનો નાયકડો આદિવાસીઓમાં ભગત તરીકે ઓળખાવા લાગ્યો. તે પોતાને પરમેશ્વરનો અવતાર અને ચમત્કારિક શક્તિનો સ્વામી ગણાવતો હતો. જોરીયા આદિવાસીઓને પવિત્ર નૈતિકતાનો બોધ આપતો અને આદિવાસી લોકોનું જીવન પરિવર્તન કરતો તેની પાસે હિંદુપુરાણ કથાઓ અને ધાર્મિક વિધિઓનું અદભૂત જ્ઞાન હતું.[4]

જોરીયા આધ્યાત્મિક દરબાર ભરતો અને પોતાને સર્વેસર્વા ગણાવતો તેણે પોતાની પ્રારંભિક પ્રવૃતિઓના પાયામાં ધાર્મિક અને નૈતિક ઉત્કર્ષની બાબતોને કેન્દ્ર સ્થાને રાખી હતી. જે માટે જોરિયાએ આ ઉપદેશો નક્કી કર્યા હતા.[5]

૧. શુદ્ધ અને સદાચારી જીવન જીવો

૨. આળસુ મટી પરિશ્રમ કરો

૩. ચોરી કે લુંટફાટ ન કરો

૪. ખૂનના ગુનાથી દૂર રહો

૫. પ્રામાણિકતાથી જીવન જીવો

૬. હક્ક વગરનું લેશો નહી.

૭. પશુઓને મારો નહીં, માંસાહારથી દૂર રહો.

૮. ધરમરાજની સ્થાપનામાં મદદરૂપ થાવ.

આમ જોરીયા ભગતના ઉપદેશો નાયકડાઓના રોજબરોજના જીવનમાં રહેલી બદીઓને દૂર કરી તેમના નૈતિક અને સામાજિક ઉત્કર્ષના પ્રયત્નરૂપ હતા.

જોરીયાએ પોતાના ઉપદેશોના પ્રચાર અને પ્રસાર માટે વધુમાં વધુ લોકો સાથે જોડાવવાનું નક્કી કર્યું જે માટે ઈ.સ. ૧૮૬૭-૧૮૬૮ના વર્ષોમાં જોરીયાએ હાલોલ- વડોદરા સુધીનો પ્રવાસ કર્યો. જોરીયાનું પ્રભાવી વ્યક્તિત્વના કારણે ઘણા લોકો ચળવળમાં જોડાયા અને જોરીયાના શિષ્ય બન્યા. જોરીયાને હિંદુધર્મશાસ્ત્રો અને

ધાર્મિક વિધિઓનું અદભૂત જ્ઞાન હતું. તેણે પોતાની જન્મભૂમિ વેડકમાં આધ્યાત્મિક અદાલતની સ્થાપના કરી હતી. જેનો મુખી પોતે બન્યો. પોતાના ધાર્મિક મતના પ્રચાર-પ્રસાર માટે પોતાના સાથીઓના હોદ્દા ઉભા કર્યા જેમાં યોદ્ધા, કોટવાળ, વજીર, લક્ષ્મણ, હનુમાન અને ગોપીઓ જેવા હોદ્દાઓનો સમાવેશ થતો હતો.. જોરીયા તંબુરો લઈ ઠેકઠેકાણે ફરતો ગીતો ગાતો. સદાચારી જીવન જીવવાનો બોધપાઠ આપતો. વૈદક શાસ્ત્રના જ્ઞાન દ્વારા તે લોકોને સજા કરવાનું કામ કરતો. આમ ખૂબ જ ટુંકાગાળામાં જોરીયાના નવા ધાર્મિક મતનો ઝડપથી ફેલાવો થયો. માત્ર નાયકડાઓ કે પછાતજાતિના જ લોકો નહી. પરંતુ ઉચ્ચ વર્ણના લોકો પણ જોરીયાના અનુયાયી બન્યા હતા. શિષ્ય બનાવવાની જોરીયાની ખાસ પદ્ધતિ હતી. જોરીયા શિષ્ય બનવા ઈચ્છતા વ્યક્તિના કાનમાં ફુંક મારી કાંઈક ઉપયોગી વાત કહેતો.[6]

જોરીયાની સામાજિક અને નૈતિક સુધારણા ચળવળમાં દાંડીયાપુરના જમીનદાર રૂપસિંહ નાયક જોડાતા જોરીયાની ચળવળ રાજકીય બની રૂપસિંહ નાયક ૧૮૫૮માં બ્રિટીશ સરકાર સામે લડત ચલાવી હતી અંતે સરકાર અને રૂપસિંહ વચ્ચે સમાધાન થતા સરકારે તેને માફી આપી હતી. રૂપસિંહ નાયક અભણ હતો. પરંતુ પોતાની કુનેહ ચતુરાઈથી અભણ નાયકડા પ્રજા પર પ્રભુત્વ ધરાવતો હતો. રૂપસિંહ નાયક પોતાના વારસાગત ગિરાસી હક્કો અને પિતાની હત્યાનો બદલો લેવા જોરીયાનો સંગાથ ઈચ્છતો હતો. જ્યારે જોરીયા ભગત રૂપસિંહની મદદથી નૈતિક સુધારણા ચળવળ શરૂ કરવા ઈચ્છતો હતો. રૂપસિંહની મદદથી જોરીયાએ 'નૈતિક સુધારાને નામે એક સંગઠન ઉભુ કર્યું અને એક નવી સમાંતર સરકાર સ્થાપવાની યોજના બનાવી જોરીયા પોતે આધ્યાત્મિક વડો બન્યો જ્યારે રૂપસિંહને દુન્વયી બાબતોનો મુખિયો બનાવામાં આવ્યો.' આ પ્રવૃતિ માટે જોરીયાની જન્મભૂમિ વેડક ગામને મુખ્ય મથક તરીકે પસંદ કરવામાં આવ્યું. જ્યાં સંયુક્ત ન્યાયાલયની સ્થાપના કરવામાં આવી, મહેસુલ ઉઘરાવાનું શરૂ કર્યું જેમાં ભેટ સોગાદ, દંડ, થોડા કરવેરા કે નાકાવેરામાંથી

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

આવક પ્રાપ્ત કરાતી. સાથે સાથે એવો અપપ્રચાર પણ શરૂ કરાવ્યો કે દુશ્મનોની ગોળીઓ પણ તેમને કંઈ કરી શકશે નહીં. આ બધાથી સ્થાનિક લોકોમાં ઉતેજના ફેલાઈ સ્થાનિક અધિકારીઓએ આ સમગ્ર ઘટનાક્રમ અંગે સરકારમાં અહેવાલ ન મોકલી આંખ આડા કાન કર્યા.[7]

સરકારી અધિકારીઓના આંખ આડા કાન કરવાની વૃતિ અને બેપરવાઈથી નાયકડા સરદારોની હિંમત વધી. ઈ.સ. ૧૮૬૮ના જાન્યુઆરીના અંતમાં તેઓએ નારૂકોટા પોલીસ સ્ટેશન પર પોતાનો દાવો અને રાજગઢમાં મહેસુલ ઉઘરાણીનો દાવો રજૂ કર્યો. જેને બ્રિટીશ અધિકારીઓએ નકાર્યો. ૨ ફેબ્રુઆરી ૧૮૬૮ના રોજ જોરીયા, રૂપા નાયક, તેનો પુત્ર ગલાલિયા નાયક અને અન્ય ૧૫ નાયકડાઓ સાથે રાજગઢ પોલીસ સ્ટેશનમાં ગયા. ત્યાંના અધિકારી ગેરિસન અને રક્ષકોને બહાર ઉભેલા પ્રસિદ્ધ વ્યક્તિના દર્શન કરવાનું જણાવ્યું. આ દરમ્યાન જોરિયાની આધ્યાત્મિક શક્તિ અને ઢોંગ ધતુરા વિશે ચર્ચા કરતાં એક અધિકારીએ મુઠ્ઠી વાળી હાથ ઉંચો કર્યો ને કહ્યું કે 'મારી મુઠ્ઠીમાં શું છે તે કહે તો તારો ચમત્કાર ખરો? રૂપસિંહના મોટા દિકરા ગલાલિયાએ રાડ નાખતા જણાવ્યું કે એ મુઠ્ઠીમાં તારું મોત છે. આમ કહેતાની સાથે ગલાલિયાએ તલવારથી તે અધિકારીની કતલ કરી નાખી. પોલીસ સ્ટેશનના અધિકારીઓ બારીમાંથી કૂદીને ભાગી છુટયા. થાણામાંથી ૮૦૦ રૂા. અને અન્ય ચીજવસ્તુઓની લુંટ ચલાવી,[8]

રાજગઢના સફળ હુમલા પછી જોરીયા અને રૂપસિંહની હિંમતમાં વધારો થયો હતો. સફળતાના મદમાં જોરીયાએ પૂના અને વડોદરા જીતવાના સ્વપ્ન જોવા લાગ્યો. જોરીયાએ પોતાના અનુયાયીઓની એક સભા વેડકમાં બોલાવી હતી ત્યારથી તે નાયકડાઓનો આધ્યાત્મિક વડો બન્યો અને રૂપા નાયક સરદાર બન્યો. વડેકથી છૂટા પડેલ નાયકાઓએ પોતાના ગામમાં નાકાવેરો ઉઘરાવવાનું શરૂ કર્યું. જ્યાં સુધી રૂપા નાયકનો હુકમ ન થાય ત્યાં સુધી નાયકડાઓએ વાણિયાઓનું દેવુ ન ભરવુ એવું જાહેર કર્યું. તેમણે ભેટ સોગાદો, દંડ,

નાકાવેરો અને કરવેરા દ્વારા મેળવવી શરૂ કરી. આ સફળ હુમલા પછી નાયકડાઓની 'નાયકી રાજ' સ્થાપવાની ઈચ્છા વધુ દ્દઢ બની.[૧]

રાજગઢ પોલીસ સ્ટેશન પર મળેલી સફળતાથી ઉત્સાહિત થઈ રૂપસિંહ જાંબુઘોડા પોલીસ સ્ટેશન પર છાપો મારવાનું વિચાર્યું અને જાંબુઘોડાના કમાન્ડરને રૂપસિંહે સંદેશો મોકલાવ્યો કે પોતે રસ્તામાં જ છે લડાઈ માટે તૈયાર રહો. ૪ ફેબ્રુઆરી ૧૮૬૮ બપોરે ત્રણ વાગ્યે નાયકડાઓના ટોળાએ જાંબુઘોડાના સ્ટેશન પર હુમલો કરી, સ્ટેશનમાં લુટ ચલાવી દફતર સળગાવી દીધું, જાંબુઘોડા, નારૂકોટના થાણાની ઘટના પછી રૂપસિંહ ખુલ્લી રીતે બ્રિટીશરો સામે મેદાનમાં આવ્યો. તેમના આ વિદ્રોહને કચડી નાંખવા બ્રિટીશ સરકારે વડોદરા અને અમદાવાદથી લશ્કર મંગાવ્યું. ૨૫ ભીલ કોર્પ્સના સૈનિકો, ૨૦૦ નેટીવ ઈન્ફન્ટ્રીના સૈનિકો, બે અધિકારી સાથે પોલીસ કમિશ્નર, ૨૦૦ સૈનિકો આમ સંયુક્ત મોરચો રચી નાયકડાઓનો વિદ્રોહ કચડવા માટે તૈયાર કરાઈ,' જેનાથી ડરીને બાદમાં નાયકડાઓએ ખુલ્લુ યુદ્ધ ટાળીને પોતાના જુના છાપમારા દાવપેચ શરૂ કરી. બ્રિટીશરો, દેશી રજવાડાઓ, ભીલ કોર્પ્સ અને આરબ સેનાને ખૂબ જ હેરાન કરી અંતે ૧૬ ફેબ્રુઆરી ૧૮૬૮ના રોજ બ્રિટીશ સેના રોજ બ્રિટીશ સાથેના સંયુક્ત લશ્કરોએ વેડકનો ચારેય બાજુથી ઘેરો લીધું. બે નાયક યોદ્ધાઓ મૃત્યુ પામ્યા. બાકીના જંગલમાં ભાગી ગયા. એકાદ માસની જહેમત બાદ ૫૮ નાયકડાઓને પકડી લીધા તેમના પર કાનૂની કાર્યવાહી કરવા 31 માર્ચ ૧૮૬૮ના રોજ જાંબુઘોડામાં ખાસ અદાલતની સ્થાપના કરવામાં આવી. જેમાં બ્રિટીશ તાજ સામે યુદ્ધ છેડવા બદલ ભારતીય ફોજદારી કલમ ૧૨૧, તથા બ્રિટીશોના મિત્ર રાજ્યો સામે યુદ્ધ છેડવા બદલ ૧૨૫ તથા દેશી રાજ્યોમાં લુંટ ચલાવવા બદલ કલમ ૧૨૬ મુજબ કાર્યવાહી કરવામાં આવી. અંતે જોરીયા પરમેશ્વર રૂપસિંહ નાયક, ગલાલિયા રૂપસિંહ નાયક, રાવજીડો ચીમનિયો નાયક અને બાબરિયા ગલમાં નાયકને સમગ્ર ઘટનાક્રમ માટે જવાબદાર ઠેરવીને ફાંસીની સજા કરવામાં આવી. ૨૩ વ્યક્તિને આજીવન

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

કારાવાસની સજા કરાઈ, બાકીના નાયકાઓને ૩ વર્ષ થી ૭ વર્ષની જેલની સજા કરવામાં આવી.[10]

આમ માત્ર બે મહિના ચાલેલી આ વિદ્રોહી પ્રવૃતિને ભારતના અન્ય આદિવાસી વિસ્તારોમાં થયેલ પ્રવૃતિ સાથે સરખાવી શકાય છે. જોરીયા આદિવાસીઓએ આયોજનબંધ વ્યવસ્થિત સંગઠન રચી નાયકડા રાજ્ય સ્થાપવાનો વિચાર કરી રાજકીય પરિવર્તન લાવવાનો એક પ્રયત્ન કર્યો. જોરીયા ભગતની આ પ્રવૃતિ માત્ર રાજકીય ન હતી. પરંતુ ધાર્મિક અને આધ્યાત્મિક પણ હતી. ‘ધર્મરાજ સ્થાપવાનો વિચાર પણ તેણે જ આપ્યો. ૧૯મી સદીમાં દિશાવિહીન અને જંગલી અવસ્થામાં જીવતા નાયકડાઓમાં ધર્મની સમજ સૌ પ્રથમ જોરીયા ભગત આપી હોવાનું જણાય છે. બ્રિટીશરોએ બ્રિટીશ દળ હેઠળ, ભીલ કોર્પ્સ, આરબ સેના અને અન્ય લશ્કરી દળોના સંયુક્ત લશ્કરોએ કરેલા આક્રમણ પરથી નાયકડાઓની શક્તિનો અંદાજ આવી શકે છે. નાયકડાઓ સામેના આ વિજયને બ્રિટીશરો વિશેષ મહત્વ આપે છે. કર્નોન હીલ નામના સામયિકે નાયકડાઓ વિરુદ્ધ બ્રિટીશરોના આ સંઘર્ષને 'Our Little war with Naikadas' ની સંજ્ઞા આપી હતી. અંતે નાયકડાઓના રાજકીય પરિવર્તનના પ્રયાસ પછી બ્રિટીશરોએ નારૂકોટ અને જાંબુઘોડામાં વહીવટી, કાયદાકીય ફેરફારો કર્યા. ઉપરાંત નાયકડા પ્રજા સાથે વેરભાવથી નહીં વર્તતા ઈ.સ. ૧૮૬૮ પછી સમાધાનકારી નીતિ અપનાવી જોરીયા ભગતના બે છોકરાઓને ભીલ કોર્પ્સમાં લેવામાં આવ્યા હતા. આજે ૧૩૫ વર્ષ પછી પણ જોરીયો ભગત નાયકડા જાતિ માટે આદરણીય અને પરમેશ્વરના સ્થાને છે.[11]

**સંદર્ભ ગ્રંથો**

1. રેવા કાંઠા ડિરેક્ટરી પૃ નં ૭-૮

2. એજન પૃ નં ૮

3. ભટ્ટ આશુતોષ, ૧૮૫૭ ક્રાંતિમાં ગુજરાત, ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ. પ્રથમ આવૃત્તિ, પૃ. 13

4. Bombay Presidency, Gazetter, Vol.-3, 1879, Pg. 255

5. વાઘેલા અરુણ, પંચમહાલ વિસ્તારના આદિવાસીઓની વિકાસ યાત્રા, રાધિકા પ્રિન્ટર્સ, ગોધરા, પૃ.નં. ૪૯

6. વાઘેલા અરુણ, પૂર્વોક્ત પૃ ૪૮

7. વલવાઈ પંકજ બી., પંચમહાલ જિલ્લાનાં આદિવાસીઓનાં સામાજિક, રાજકીય, શૈક્ષણિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષ માટેની પ્રવૃત્તિઓ, એક મૂલ્યાંકન, અપ્રકાશિત શોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૫., પૃ.૭૪

8. Bombay Presidency, Gazetter, Op Cit, Pg. 256

9. વલવાઈ પંકજ, પૂર્વોક્ત, પૃ.નં. ૭૫

10. વાઘેલા અરુણ, પૂર્વોક્ત, પૃ.નં. ૫૨

11. વલવાઈ પંકજ, પૂર્વોક્ત, પૃ.નં. ૭૬